**અગત્યનું**

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૩૪૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૯/૦૪/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય: BISAG મારફતે પ્રસારિત થનાર ધોરણ-૯ અને ૧૧ના NCERTના પાઠ્યપુસ્તકો પર આધારિત શૈક્ષણિક કાર્યક્રમોના તજજ્ઞ તરીકે જોડાવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના નિર્ણય અનુસાર જુન-૨૦૧૮થી ધોરણ-૯માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી(પ્રથમ ભાષા) તેમજ ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)ના ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત તેમજ અંગ્રેજી(પ્રથમ ભાષા) વિષયો માટે NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ થનાર છે. જે બાબતથી આપ સુવિદિત છો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા BISAGના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નંબર-૯ થી ૧૨ પરથી ધોરણ-૯ થી ૧૨ના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ NEET માટેના શૈક્ષણિક કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે. આ કાર્યક્રમો માટે તજજ્ઞ તરીકે જોડાવા માંગતા આચાર્યશ્રી/શિક્ષકશ્રીઓએ પાસેથી અરજી પત્રક મંગાવવામાં આવે છે. આ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર ફોર્મ મૂકવામાં આવેલ છે. જેમાં દર્શાવેલ ધોરણ-૯ તેમજ ધોરણ-૧૧ના વિષયોના શૈક્ષણિક કાર્યક્રમોના તજજ્ઞ તરીકે જોડાવા માગતા આચાર્યશ્રી/શિક્ષકશ્રીઓએ તા.૩૦/૦૪/૨૦૧૮ સુધીમાં ફોર્મ નીચે આપેલ લીંક પર સબમીટ કરવાનું રહેશે. આ ઉપરાંત ફોર્મ ઈ - મેઈલ vandegujarat.gseb@gmail.com દ્વારા અથવા ટપાલથી પણ તા.૩૦/૦૪/૨૦૧૮ સુધીમાં બોર્ડને મળે તે રીતે મોકલી શકાશે. ઉક્ત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરશો.

ફોર્મભરવા માટેની લીંક: BISAGના શૈક્ષણિક કાર્યક્રમોના તજજ્ઞ તરીકે જોડાવા માટેનું ફોર્મ

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.

C:\Users\admin\Desktop\ક્રમાંક.docx